પ્રશ્નપંચાનન.

અથવા

પાંચ પ્રકારે પુછેલા પ્રશ્નોના ઉત્તર આપવાની રીત.

(મૂળ સંસ્કૃત તથા ભાષાંતર સહીત.)

૪૭૨૩

પ્રશ્નપંચાનન.

અથવા

પાંચ પ્રકારે પુછેલા પ્રશ્નોના ઉત્તર આપવાની રીત.

(મૂળ સંસ્કૃત તથા ભાષાંતર સહીત.)

મુંબઈ.

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ.

સં. ૧૯૪૭. ઇ. સ. ૧૮૯૧.

કિંમત બે આના.

प्रश्न पंचानन ॥

अथप्रश्नज्ञानप्रदीप

चरेलग्नेचरेसूर्येचरराशौशशीयदा ॥
तदासिद्धिफलंनूनंवक्तव्यंगणकोत्तमैः १

જ્યારે પ્રશ્ન કરનાર કંઈ કાર્ય કિંવા વિષયનો પ્રશ્ન પુછે ત્યારે-જો મેષ કર્ક ઇત્યાદિ કોઈ ચાલતુ લગ્ન વર્તમાન હોય, એજ રાશિયોમાં અર્થાત્ ચાલતી રાશિમાં સૂર્ય અને ચંદ્રમા પણ હોય તો ગણકમાં ઉત્તમ એવા જોષિએ નિશ્ચય ફળ સિદ્ધિજ કહેવી.

चरलग्नेचरेसूर्येस्थिरराशौशशीभवेत् ॥
तदासिद्धिर्नवक्तव्यमशुभंचभविष्यति ॥२॥

પ્રશ્ન કાળે-લગ્ન ચાલતું હોય, ચાલતી રાશીમાં સૂર્ય હોય, પણ ચંદ્રમા જો સ્થિર રાશિમાં હોય તો

કાર્ય સિદ્ધિની આશા રાખવી નહિ; પણ અશુભજ થશે એમ જાણવું.

चरलग्नेस्थिरेसूर्येचन्द्रमास्थिरएवच ॥
कार्यभ्रंशोनसख्यंचविग्रहंचपदेपदे ॥३॥

પ્રશ્ન કાળે-ચર લગ્ન હોય, સ્થિરમાં સૂર્ય હોય અને ચંદ્રમા પણ જો સ્થિર લગ્નમાં હોય તો કાર્યનો નાશ થાય, મૈત્રિ થાય નહિ અને પગલે પગલે લડાઇ થયા કરે.

चरलग्नेस्थिरेसूर्येचरभावेशशीयदा ॥
तदालाभंधनंधान्यंवृद्धिभावंचदृश्यते ॥४॥

પ્રશ્ન કાળે-ચર લગ્ન હોય, સ્થિરમાં સૂર્ય હોય અને ચાલતી રાશિમાં જો ચંદ્રમા હોય તો ધનનો ધાન્યનો અને લાભનો વધારો થશે એમ જાણવું.

चरलग्नेद्विःस्वभेसूर्येचरेवाचन्द्रएवच ॥
बन्धनंचमहाक्लेशंमहद्दुःखंमहाभयम् ॥५॥

પ્રશ્ન કાળે-ચાલતું લગ્ન હોય, અને દ્વિઃસ્વભાવ (મિથુન કન્યાદિ તે)માં સૂર્ય હોય, તથા ચંદ્રમા જો

ચર રાશિમાં હોય તો બંધન, મહાકલેશ, મહાદુઃખ અને મહાભય માથે આવી પડે.

चरलग्नेद्विःस्वभेसूर्येद्विस्वभावेषुचन्द्रमा ॥
बन्धनंद्रव्यनाशंचचित्तमुद्वेगकारकम् ॥६॥

પ્રશ્ન કાળે-પ્રશ્ન લગ્ન ચર હોય દ્વિઃસ્વભાવમાં સૂર્ય હોય અને ચંદ્રમા પણ જો દ્વિઃસ્વભાવમાં આવતો હોય તો બંધન થાય, દ્રવ્ય નાશ પામે અને ચિતમાં ઉદ્વેગ થાય.

चरलग्नेस्थिरेसूर्येद्विःस्वभावेषुचन्द्रमा ॥
मध्यमंतंविजानीयात्फलसिद्धिर्नदृश्यते ७

પ્રશ્ન લગ્ન ચર હોય, સ્થિર લગ્નમાં સૂર્ય હોય, અને દ્વિઃસ્વભાવમાં ચંદ્રમા આવેલ હોય તો તે પ્રશ્ન મધ્યમ જાણવો; કારણકે તેથી કંઇ ફળ સિદ્ધિની આશા રખાય નહિજ.

चरलग्नेद्विःस्वभेसूर्येस्थिरराशौगतःशशी ॥
मध्यमंचविजानीयात्फलसिद्धिर्नदृश्यते ॥८॥

પ્રશ્ન લગ્ન ચર હોય, દ્વિઃસ્વભમાં સૂર્ય હોય અને ચંદ્રમા પણ જો સ્થિર રાશિમાં આવ્યો હોય

તો તે પ્રશ્ન પણ સિદ્ધિને નહિં આપનારો મધ્ય-
મજ કહેવાય.

चरलग्नेचरेसूर्येद्विःस्वभावेषुचन्द्रमा ॥
क्षेमंसौख्यप्रसिद्धिश्चपुत्रवृद्धिर्द्धनागमः ॥९॥

જો પ્રશ્ન લગ્ન ચર હોય, ચર રાશિમાંજ સૂર્ય હોય, અને દ્વિઃસ્વભાવમાં ચંદ્રમા હોય તો ક્ષેમ થાય, સુખ પ્રાપ્ત થાય, સિદ્ધિ મળે, પુત્ર તથા ધનની વૃદ્ધિ થાય.

स्थिरलग्नेद्विःस्वभावेशशीसूर्योयदाभवेत् ।
जयप्राप्तिसमाप्नोतिसिद्धिःसौख्यंशुभंभवेत् १०

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, દ્વિસ્વભાવમાં ચંદ્રમા આવતો હોય, અને દ્વિઃસ્વભાવમાંજ સૂર્ય આવતો હોય તો જય મળે, સિદ્ધિ થાય, સુખ થાય અને શુભ થાય એમ જાણવું.

स्थिरलग्नेद्विःस्वभेसूर्येचरेचन्द्रःप्रवर्त्तते ॥
क्लेशःशरीरचिन्ताचधनहानिस्तुनिश्चितम् ११

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, દ્વિઃસ્વભાવમાં સૂર્ય હોય અને ચંદ્રમા ચાલતા લગ્નમાં હોય તો કલેશ થાય

મનમાં ચિન્તા થાય, અને જરૂર ધનની હાની થાય.

स्थिरलग्नेचरेसूर्यस्थिरेचन्द्रोभवेत्तदा ॥
मित्रबन्धुविनाशंचनस्त्रीसौख्यंनचात्मनः ॥१२

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, ચર લગનમાં સૂર્ય હોય અને ચંદ્રમા સ્થિર લન્ગ માં હોય તો મિત્ર ને બંધુનો નાશ થાય, અને સ્ત્રીનું સુખ ન મળે.

स्थिरलग्नेचरेसूर्येद्विःस्वभावेनिशाकरः ॥
सर्वसौख्यंमहासिद्धिर्लाभसौख्यंधनागमम् १३

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, ચાલતા લગ્નમાં સૂર્ય હોય, અને દ્વિઃસ્વભાવમાં ચંદ્રમા હોય તો સર્વ રીતે સુખ પ્રાપ્ત થાય, સિદ્ધિ મળે, લાભ થાય, અને ધન મળે.

स्थिरलग्नेचरेसूर्येचन्द्रमास्थिरएवच ॥
सर्वकार्येभवेत्सिद्धिर्धनंधर्मप्रवर्द्धते ॥१४॥

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય ચાલતામાં સૂર્ય અને સ્થિરમાં ચંદ્રમા હોય તો સર્વ કામ સિદ્ધ થાય, ધન અને ધર્મની વૃદ્ધિ થાય.

स्थिरलग्नेद्विःस्वभेसूर्येस्थिरेचन्द्रःप्रवर्त्तते ॥
राज्यप्राप्तिर्धनप्राप्तिःसर्वसौख्यंजयंकरः॥१५॥

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, દ્વિઃસ્વભાવમાં સૂર્ય હોય અને ચંદ્રમા પણ સ્થિર રાશિમાં આવેલો હોય તો રાજ મળે, ધન મળે, સુખ થાય અને સર્વ રીતે જય મળે.

स्थिरलग्नेस्थिरेसूर्येद्विःस्वभावेनिशापतिः ॥
चतुष्पदानांहानिःस्यात्व्याधिक्लेशंभवेद्ध्रुवं ॥

જો પ્રશ્ન લગ્ન સ્થિર હોય, સ્થિર લગ્નમાંજ હોય અને ચંદ્રમા દ્વિઃસ્વભાવમાં હોય તો–ઢોરની હાની થાય, રોગ થાય ને કલેશ થાય.

द्विःस्वभावेचलग्नेचद्विःस्वभेऽर्केचरेशशी ॥
भूलाभस्थानलाभंचस्वजनैःसहसंपदः ॥१७॥

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય, સૂર્ય પણ દ્વિઃસ્વભાવમાં હોય, અને ચાલતી રાશિમાં ચંદ્ર હોય તો પૃથ્વીનો લાભ થાય, સ્થાન લાભ થાય અને કુટુંબમાં સંપ થાય.

द्विःस्वभावंयदालग्नंचरेऽर्केद्विःस्वभेशशी ॥
सुतलाभंमनस्तुष्टिर्विद्यालाभोधनागमः ॥१८॥

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય, ચાલતો સૂર્ય હોય, તથા શશિ-ચંદ્રમા પણ દ્વિઃસ્વભાવમાં હોય તો પુત્ર લાભ થાય, મન સંતુષ્ટ રહે, વિદ્યા પ્રાપ્ત થાય અને ધન પણ આવી મળે.

द्विःस्वभावेषुलग्नेषुसूर्योवास्थिरराशिषु ॥
द्विःस्वभावेमृगांकश्चेत्पुत्रनाशोभवेद्ध्रुवम् ।१९।

દ્વિઃસ્વભાવમાં પ્રશ્ન લગ્ન આવે સૂર્ય સ્થિર રા-રામાં હોય અને ચંદ્રમા પણ જો દ્વિઃસ્વભાવમાં આવી પડ્યો હોય તો જરૂર પુત્ર નાશ થાય--પુત્ર મરણ પામે.

द्विःस्वभावेषुलग्नेषुचन्द्रसूर्यौचरस्थिरौ ॥
लाभयोगंविजानीयान्मनःसिद्धिःसदासुखम्॥

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય ચંદ્રમા ચર રાશિમાં આવતો હોય અને સૂર્ય સ્થિર રાશીમાં હોય તો લાભ થાય, મનોવાછિંત ફળે, અને સદા સુખ થાય.

द्विःस्वभावंयदालग्नंचरेऽर्केःस्थिरचन्द्रमाः ॥
महालाभंमहासौख्यंयशःसौभाग्यसंपदः ।२१।

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય, સૂર્ય ચર રાશિમાં આવતો હોય, અને ચંદ્રમા સ્થિર રાશિમાં આવેલ હોય તો–મોટો લાભ થાય, પરમ સુખ પ્રાપ્ત થાય, યશ મળે, અને સંપત્તિ પ્રાપ્ત થાય.

द्विःस्वभावेचरेअर्केस्थिरेचन्द्रःप्रवर्त्तते ॥
हानिर्दुःखंनगमनंनचसिद्धिःप्रजायते ॥२२॥

જો પ્રશ્ન કાળનું લગ્ન દ્વિઃસ્વભાવમાં આવતું હોય ચાલતી રાશિમાં સૂર્ય હોય અને ચંદ્રમા સ્થિર રાશિમાં આવતો હોય તો–હાની થાય, દુઃખ થાય, અને સિદ્ધિ પણ પ્રાપ્ત ન થાય.

द्विःस्वभावंयदालग्नंस्थिरेवारविचन्द्रमाः ॥
सर्वसौख्यंविजानीयाल्लाभयोगंमहाफलम् २३

જ્યારે પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય અને સૂર્ય તથા ચંદ્રમા સ્થિર રાશિયોમાં આવતા હોય ત્યારે સર્વ સુખ, મોટું ફળ અને લાભનો યોગ જાણવો.

द्विःस्वभावेयदालग्नेद्विःस्वभावेशशीरविः ॥
अशुभंशकुनंचैवहानिरुद्वेगकारकम् ॥२४॥

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય, અને સૂર્ય તથા ચંદ્રમા પણ દ્વિઃસ્વભાવમાં આવતા હોય તો તે પ્રશ્ન હાની ઉદ્વેગ અને દુઃખ ઉત્પન્ન કરનાર અશુભ પ્રશ્ન જાણવો.

द्विःस्वभावंयदालग्नंस्थिरेऽर्केचनिशाकरे ॥
पंथस्यागमनंशीघ्रंसर्वसौख्यंजयंकरः ॥२५॥

જો પ્રશ્ન લગ્ન દ્વિઃસ્વભાવમાં હોય, તથા સૂર્ય અને ચંદ્રમા પણ સ્થિર રાશિયોમાં હોય તો પરદેશી ઘેર આવે, સર્વ સુખ થાય, અને જય મળે.

પ્રશ્નજ્ઞાનપ્રદીપસમાપ્ત.

अथकेरलीप्रश्नः

ॐह्रींश्रींवदवदवाग्वादिनीस्वाहाॐसिद्धिः ॥
इतिमंत्रेणत्रिवारमभिमंत्र्यपूगीफलंपृच्छकहस्ते-
दत्वापश्चादितिवदेत् ॥

भोपृच्छकपूगीफलंपश्चकानांमध्येक्षेपय
पुनर्द्वितीयपश्चकेक्षिप्यताम्उभयोरंकयोर्मेलनेकृ
तेयदि ११ तदावदेत् भोपृच्छकतववांछितफलंभ-
विष्यतिनसंदेहः स्थानांतरेततोविदेशेकार्यंकृ
त्वासमागमिष्यसि गमनेकृषिवाणिज्यादिगुर्वि-
णीरोगीप्रश्नादौसिद्धिर्वाच्या १ यद्यंकमेलनेद्वा-
दश १२ तदादेवकार्यंकुरु
विलंबात्कार्यसिद्धिः २॥ यदि १३ तदावदेत्तव-
कार्येबहवोविघ्नाः संतिअन्यच्चिंतय ३॥ यदि १४
तदावदेत् त्वयायन्मनसिचिन्तितं तत्सर्वंभवि-
ष्यति नात्रसंदेहः सर्वत्रवृद्धिः ४॥ यदि १५ तदा-
भीष्टसिद्धिः संदेहंमाकुरुसोत्साहोभव ५॥ यद्यं-

कमेलने २ १ तदातवकार्येकापिचिन्तोत्पन्नाद्वेधा-
कार्येमतिर्जातातांदूरीकुरुकार्य्यंभविष्यतिजीव-
वृद्धिः ६॥
यदि २ २ तदास्वबाहुबलात् कार्यसिद्धिः ॥
कश्चित्पुरुषो स्त्रीवा कार्यं प्रतिबध्नाति तंनिर्जित्य
कार्यंभविष्यति तस्य हानिः ७॥ यदि २ ३ तदा
कार्यं सविघ्नं प्रश्नो न शोभनः ८॥ यदि २४
सर्वकार्येषु मंगलं गमनागमन सेवायां जीवने
रणे तथा ॥ व्यापारादिषु कार्येषु सिद्धिर्भवति-
नान्यथा ९॥ यदि २५ तदा तव मेनारथा
अत्युच्चाः ॥ सिद्धिर्भविष्यति अन्येषां विश्वासं
माकुरु स्वबाहुबलात् कार्यसिद्धिः १०॥ यद्यं
कमेलने ३ १ तदा यच्चिन्तितं तद्भविष्यति सर्व-
कार्येसिद्धिः व्यापारे लाभः ११॥ यदि ३२
तदा कार्यं विनष्टं परंतुसकलं भविष्यति १२॥
यदि ३३ एतत् प्रश्ने शुभं नदृश्यते कार्यं

माकुरु १३॥ यदि ३४ यत्किंचित्करोषि उद्वि-
ग्नमते शृणु तव कार्यं भविष्यति उद्यमपरोभव
१४॥ यदि ३५ अस्मिन् प्रयाणे उद्यमे अन्य-
त्प्रारंभे जयः १५॥ यद्यंकमेलने ४१ तव कार्यं
भविष्यति नात्रसंदेहः १६॥ यदि ४२ उद्यम
परोभव कार्ये स्वयमेव ध्रुवं सिद्धिः १७ यदि
४३ सिद्धिः सर्वत्र लक्ष्यते १८॥ यदि ४४
स्वल्पायासेन कार्यसिद्धिः पश्चिमोत्तरतः १९॥
यदि ४५ कार्येषु महत्वं अन्यहस्तगतं वर्तते
२०॥ यद्यंकमेलने ५१ तदा कार्यसिदिःसर्वत्र
शुभम् २१॥ यदि ५२ वांछासिद्धिः २२॥ यदि
५३ तवकार्यं गोप्यं कुरु भाग्यदिवसाः समा-
गताः सिद्धिः २३॥ यदि ५४ अस्मिन् कार्य्ये-
विरोधिनो दृश्यंते किंचित्कालं स्थित्वा कार्य्यं
कुरु कार्य्यसिद्धिः २४॥ यदि ५५ तवकार्य्यं
शोभनं सर्वत्र सिद्धिः २५॥

કેરલી પ્રશ્ન ચક્ર.

૧૦	૨૦	૩૦	૪૦	૫૦
૧	૨	૩	૪	૫

જ્યારે કોઇ માણસ પ્રશ્ન પુછવાને આવે ત્યારે એક સોપારી લઇ—॥ ॐ ह्रीं श्रीं वद वद वाग्वादिनी स्वाहा: ॐ सिद्धिः ॥ આ મંત્રથી મંતરવી અને તે પછી પ્રશ્ન પુછનારના હાથમાં આપી તેને કહેવું કે—હે પ્રશ્નપુછનાર! આ સોપારી જે પ્રશ્ન પુછવો હોય તે ધારીને પેહેલાં પાંચ ખાનામાંથી ગમે તે ખાનામાં મુક; વળી એજ પ્રમાણે બીજા (નીચેના) પાંચ કોઠામાં મુકાવવી, આ પ્રમાણે બન્ને વખત મુકાવ્યા પછી બેઉ વખતના ખાનામાં આંકડા લેઇ તેનો સરવાળો કરવો, અને તે સરવાળો જો ૧૧ થાય તો કહેવું કે—હે પ્રશ્નપુછનાર, તારી ઇચ્છેલી ધારણા વગર સંદેહે પુરી થશે. અર્થાત્ તેં જે ધર્યું છે તે જરૂર થશે. પરદેશીની ધારણાથી પ્રશ્ન કરયો હોય તો તે આવશે એમ કહેવું. એ પ્રમાણે ખેતી

ઉપાર ગર્ભિણી અને રોગીના સંબંધે પણ વિચારીને કહેવું. જો બન્ને ખાનાનાં આંકડા મેળવવાથી બાર થાય તો પૃચ્છકને કહેવું કે-દેવતા સંબંધી કાર્ય-પુજન અર્ચન, વગેરે કરતાં વિલંબે કાર્ય સિદ્ધ થશે. જો ૧૩ થાય તો કહેવું કે-તારા કામમાં ઘણાં વિઘ્ન આવે છે માટે બીજો પ્રશ્ન મુક-અર્થાત્ બીજી ધારણા ધર. જો સરવાળો કરતાં ૧૪ આવે તો કહેવું કે-તેં જે તારા મનમાં ધાર્યું છે તે સર્વ થશે એમાં સંદેહ નથી, અને સર્વત્ર સિદ્ધિ પ્રાપ્ત થશે. જો ૧૫ આવે તો કહેવું કે તારી ધારણા પાર પડશે એમાં શંકા નથી અને વધારે ઉત્સાહથી લાગ્યો રહે. જો બન્ને આંકડાનો સરવાળો ૨૧ આવે તો કહેવું કે તારા કામમાં કંઇક ચિંતા ઉત્પન્ન થઇ છે એટલે કામમાં બેતરેહની બુધ્ધિ થઈ છે તેને તજ, એટલે કાર્ય સિદ્ધ થશે અને જીવની વૃદ્ધિ થશે. જો સરવાળો ૨૨ આવે તો કહેવું કે-તારા જાત સામર્થ્યથી (બાહુબળથી) કામ થશે અને કોઇ પુરૂષ અથવા સ્ત્રી તેમાં અડચણ કરે છે તેની હાર થશે ને તારૂં કામ થશે. જો ૨૩ આવે તો કહેવું કે-આ કામમાં વિઘ્ન છે

અને આ પ્રશ્ન સારો નથી. જો બન્ને આંકડાનો સરવાળો કરવાથી ૨૪ આવે તો કહેવું કે-સર્વ કામમાં મંગળ થશે તેમજ-જવામાં આવવામાં નોકરી ચાકરીમાં જીવન અને મરણમાં તથા વેપાર વણજમાં પણ સિદ્ધિજ પ્રાપ્ત થશે. જો ૨૫ આવે તો કહેવું કે-તારા મનોરથ બહુ મોટા છે, પણ સિદ્ધિ થશે બીજાનો વિશ્વાસ કરીશ નહિં. પોતાના પરાક્રમથીજ કામ થશે.

જો તળે ઉપરનાં ખાનાના આંકડા મેળવવાથી ૩૧ આવે તો કહેવું કે-તેં જે ધાર્યું છે તે કામ થશે વેપારમાં લાભ થશે. જો ૩૨ આવે તે કહેવું કે-પહેલું તો બધું નાશ થશે એટલે બગડશે પણ પાછળથી બધું સારૂં થશે. જો ૩૩ આવે તો-આ કામમાં સાર નથી માટે તે કરવું છોડી ધો.

જો ૩૪ આવે તો કહેવું કે-તમે ઉંચુ મન રાખીને કામ કરો છો તેથી ફળતું નથી માટે ઉદ્યમ કરો તમારો મનોરથ સિદ્ધ થશો. જો ૩૫ આવે તો કહેવું કે-તમે જે કામ કર્યું છે તેમાં માથાકુટ કે ઉદ્યમ કરવાથી કાર્ય નહિં થાય; બીજું કામજ આરંભો.

જો બન્ને અંકનો સરવાળો કરતાં ૪૧ આવે તો પ્રશ્ન પુછનારને કહેવું કે-તમારૂં કામ થશે એમાં સંદેહ નથી. જો ૪૨ આવે તો કહેવું કે ઉદ્યમ કરો તમારૂં કામ પોતાની મેળે સિદ્ધ થશે. જો ૪૩ આવે તો કહેવું કે-તમારા કામમાં બધે સિદ્ધિજ જાણુાય છે. અર્થાત્ જે કરશો તે થશે માટે કરોજ. જો ૪૪ આવે તો કહેવું કે-થોડી મહેનતે ઉત્તર પશ્ચિમ દિશાથી કામ સિદ્ધ થશે. જો ૪૫ આવે તો કહેવું કે તમારૂં કામ મોટું છે અને બીજાના હાથમાં છે.

જો બન્ને આંકડા એકઠા કરતાં ૫૧ આવે તો પૃચ્છકને કહેવું કે-કામ સિદ્ધ થશે એટલુંજ નહિ પણ બધે કલ્યાણુજ થતું જશે. જો ૫૨ આવે તો કહેવું કે તમારી ધારણા જરૂર ફળશે. જો ૫૩ આવે તો કહેવું કે-તમે તમારૂં કામ ગુપ્ત રાખો-છાનું કરો તમારો ભાગ્યોદય હવે પાસે આવ્યો છે, અને સર્વ સિદ્ધ થઈ જશે. જો ૫૪ આવે તો કહેવું કે-તમારા કામમાં શત્રુ વિરોધી આડે આવે છે થોડા વખત સબુર કરીને કરો એટલે કામ થશે.

જો ૫૫ આવે તો કહેવુ કે-તમારૂં કામ સારૂં છે અને તેમાં તમને સર્વ રીતે સિધ્ધિ મળશેજ મળશે.

ઇતિ કેરલી પ્રશ્ન:

અક્ષર ચક્ર.

अ	आ	इ	ई	उ	ऊ	ऋ
ॠ	ऌ	ॡ	ए	ऐ	ओ	औ
अं	अः	क	ख	ग	घ	ङ
च	छ	ज	झ	ञ	ट	ठ
ड	ढ	ण	त	थ	द	ध
न	प	फ	ब	भ	म	य
र	ल	व	श	स	ह	क्ष
			ष			

અક્ષર ચક્ર.

જ્યારે કોઇ માણસ પ્રશ્ન મુકવા આવે ત્યારે પ્રશ્ન જોનારે તેના હાથમાં સોપારી કિંવા બીજી કોઇ શુભ વસ્તુ આપીને તેને કહેવું કે—આ અક્ષર ચક્રમાંના ગમે તે અક્ષર ઉપર મનમાં જે ધારવું હોય તે ધારીને સોપારી મુકો. પ્રશ્ન પુછનાર સોપારી મુકે ત્યારપછી તેણે જે અક્ષર ઉપર સોપારી મુકી હોય તે અક્ષરમાં જોવું. ને આ પ્રમાણે કહેવું:-

अकारेविजयंविद्याद्धनप्राप्तिस्तथैवच ॥
सिध्यंतिसर्वकार्याणिपुत्रलाभस्तथाध्रुवम् ॥२॥

પ્રશ્ન પુછનારે જો-अ ઉપર સોપારી મુકી હોય તો કહેવું કે—તમે વિજયી થશો, વિદ્યા તથા ધનની પ્રાપ્તિ થશે, અને સર્વ કામમાં સિદ્ધિ મળશે એટલુંજ નહિ પણ ખચીત પુત્ર લાભ થશે.

आकारेशोकसंतापोविरोधःसर्वजंतुषु ॥
आवर्तसंभवोव्याधिर्दुःखंचैवनसंशयः ॥२॥

જો आ ઉપર સોપારી મુકી હોય તો કહેવું

કે-શોકથી તાપ ઉત્પન્ન થશે, સર્વ પ્રાણીયોની સાથે વિરોધ થાય, રોગ થાય અને મનને ક્લેશ થાય.

इकारेपरमंसौख्यंसिद्धिश्चैवप्रजायते ॥
नश्यंतिसर्वदुःखानिधनंधान्यंप्रजायते ॥३॥

જો इ ઉપર મુકી હોય તો- પરમ સુખ થાય અને સર્વ સિદ્ધિ મળે, સઘળાં દુઃખ નાશ પામે અને ધન તથા ધાન્યની પ્રાપ્તિ થાય.

ईकारेपुत्रलाभश्चधनलाभस्तथैवच ॥
सिध्यंतिसर्वकार्याणिसौभाग्यमतुलंभवेत् ।४।

જો ई હોય તો-પુત્ર લાભ થાય તથા ધન લાભ થાય, સર્વે કામમાં સિદ્ધિ મળે અને સારૂં થાય.

उकारेशोकसंतापोवियोगश्चभवेद्ध्रुवं॥
दुःखंचैवभवेद्घोरंआपच्चैवनसंशयः ॥५॥

જો उ હોય તો-શોક કરાવે, સંતાપ થાય, સ્વજનનો વિયોગ થાય, મોટું દુઃખ થાય અને આપત્તિ આવે એમ કહેવું.

ऊकारेलभ्यतेस्थानंप्रतिष्ठाचैवशोभना ॥
सिध्यंतिसर्वकार्याणियच्चिंतयतितद्भवेत् ॥६॥

જો ऊ આવે તો—સ્થાન મળે, પ્રતિષ્ઠા થાય, સર્વ કામ ધાર્યાં થાય અને મનમાં જેની ઇચ્છા થાય તે સઘળું પુરણુ થાય.

ऋकारेप्रीतिरतुलास्वर्णलाभश्चनित्यशः ॥
सिध्यंतिसर्वकार्याणिलाभश्चात्रनसंशयः ॥७॥

જો ऋ આવે તો કહેવું કે—પ્રીતિ સારાની થશે. સોનારૂપાનો લાભ થશે તથા સર્વે કામ ધારણા પ્રમાણે સફળ થશે.

ॠकारेजायतेव्याधिर्दुःखसंतापएवच ॥
मित्रैःसहविरोधंचजायतेनात्रसंशयः ॥८॥

જો ॠ ઉપર સોપારી મુકવામાં આવી હોય તો કહેવું કે રોગ, દુઃખ અને સંતાપ ઉત્પન્ન કરાવશે એટલુંજ નહિં પણ મિત્રની સાથે અણધાર્યો વિરોધ કરાવશે એમાં સંશય નથી.

ऌकारेलभतेसिद्धिंमित्रैःसहसमागमम् ॥
आरोग्यंजायतेनित्यंराजसन्मानमेवच ॥९॥

પ્રશ્ન મુકનારે અક્ષર ચક્રમાંના ऌકાર ઉપર સો-
નાની મુકી હોય તો કહેવું કે-સિદ્ધિ મળશે, મિત્રનો
સમાગમ થશે, હમેશાં આરોગ્ય રહેસે, અને રા-
જદરબારમાંથી સન્માન મળશે.

ॡकारेदृश्यतेहानिर्व्याधिश्चैवभविष्यति ॥
संपत्तिहरणंनित्यंकार्यहानिर्नसंशयः ॥१०॥

જો ॡ કાર ઉપર પ્રશ્ન મુકયો હોય તો–હાનિ થાય
અને વ્યાધિ–રોગ ઉત્પન્ન થાય, સપત્તી હરણ-ધન
ચોરાઇ જાય અને જરૂર કામ બગડેજ બગડે, એમ
જાણવું.

एकारेदृश्यतेसिद्धिर्मित्रैःसहसमागमः ॥
ततश्चलभतेस्थानंसुखंचैवनसंशयः ॥११॥

જો એ કાર ઉપર પ્રશ્ન મુકાયો હોય તો કહેવું
કે તમારા ભાગ્યમાં સિદ્ધિ છે. મિત્રનો સમાગમ
થાય તેમ છે, સ્થાન મળે તેમ છે અને ખચીત
સુખ થાય એમ છે.

ऐकारेत्वंधनंमित्रैर्विरोधश्चभविष्यति ॥
विग्रहश्चभवेन्नूनंमृत्युश्चैवनसंशयः ॥१२॥

જો ऐ કાર ઉપર પ્રશ્ન આવ્યો હોય તો જણાવવું કે બંધન મળે, મિત્રોની સાથે વેર થાય, મહા વિગ્રહ થાય અને ખચીત પ્રાણ ઉપર આફત આવી પડે. એવો પ્રશ્નોત્તર આવે છે.

ओकारेदृश्यतेसिद्धिर्दुःखशोकविनाशनं ॥
सिध्यंतिसर्वकार्याणिनिर्भयंचनसंशयः ॥१३॥

જો ओ આવે તો કહેવું કે—દુઃખ અને શોકજતાં રહી સિદ્ધિ મળશે ધારેલાં કામ થશે અને નિર્ભય રહેશો એવો સંજોગ આવી મળે છે

औकारेसर्वकार्याणिनैवसिध्यंतिसर्वदा ॥
मित्रैःसहविरोधश्चशोकसंतापएवच ॥१४॥

જો औ આવે—તો કહેવું કે ઘણી મહેનત કરશો પણ એકે કામ સફળ થશે નહિ, મિત્રની સાથે વિરોધ થશે અને સહેજ શોક સંતાપ ઉત્પન્ન થશે.

अंकारेचमहाहानिर्बन्धनंचभविष्यति ॥
महादुःखंमहाक्लेशंभयंचैवनसंशयः ॥१५॥

જો અં આવે તો કહેવું કે-કામ જોઇને કઃ જો કારાગૃ કે પ્રશ્ન મહાહાની કારક આવે છે, એટલુંજ નહિં પણ બંધન થાય, મહા દુઃખ કરાવે, કલેશ થાય અને ન હોય ત્યાંથી માથે ભય આવી પડે એમાં સંશય નથી.

अःकारेलभतेसिद्धिंप्रातिष्ठांचैवशोभनां ॥
पुत्रलाभोमहासौख्यंजायतेनात्रसंशयः ॥१६॥

જો અઃ આવે તો કહેવું કે-ધાર્યું કામ થશે, પ્રતિષ્ઠા અને માન મળશે અને ઇશ્વર કરશે તો પુત્રનો લાભ થશે, એટલુંજ નહિ પણ મહા સુખ આવી મળે એવો રૂડો પ્રશ્ન આવે છે.

ककारेराजसन्मानंसर्वार्थप्रियदर्शनं ॥
कल्याणंचभवेन्नूनंसिद्धिश्चैवनसंशयः ॥१७॥

જો ક આવે તો કહેવું કે-રાજદરબારમાંથી માન મળશે, સર્વ અર્થ-ધારણાઓ ફળશે, સ્નેહિનો સમાગમ થશે, કલ્યાણ થશે અને જરૂર સિદ્ધિ પ્રાપ્ત થશે.

खकारेशोकसंतापोद्रव्यनाशस्तथैवच ॥
शरीरेचज्वरव्याधिर्जायतेनात्रसंशय ॥१८॥

જો પ્રશ્ન મૂકનારે ख ઉપર સોપારી મુકી હોય તો કહેવુ કે-શોક ઉત્પન્ન થશે, સંતાપ પેદા થશે, ધન ચોનાશે અને શરીરને તાવનો રોગ લાગુ પડશે એવો સંજોગ આવે છે.

गकारेचिंतितंकार्यंसिद्धिश्चैवप्रजायते ॥
सुसौभाग्यमवाप्नोतिमित्रैःसहसमागमम् ॥१९॥

જો ग હોય તો-ચિંતવેલું કામ થાય. સિદ્ધિ આવી મળે, સારૂ સૌભાગ્ય આવી મળે અને મિત્રની સાથે સમાગમ થાય એવો પ્રશ્ન છે.

घकारेकार्यसिद्धिंचलभतेप्रियदर्शनम् ॥
सौभाग्यंचभवेत्सम्यक्कल्याणंचप्रजायते २०

જો घ હોય તો કહેવું કે-કામ સફળ થશે-પ્રિય માણસનાં દર્શન થશે, સારૂં થાય અને સર્વ રીતે કલ્યાણ થશે એમાં સંશય નથી.

ङकारेकार्यनाशंचसिद्धिर्भवतिनिष्फला ॥
अर्थनाशोविपत्तिश्चनिष्फलंकर्ममेवच ॥२१॥

જો ङ હોય તો કહેવું કે-કામ પડી ભાગે સિદ્ધિ નિષ્ફળ જાય, અર્થ નાશ પામે વિપત્તિ આવી પડે અને કર્મ-કામ નિષ્ફળ થશે એમાં શંકા નથી.

चकारेविजयंकार्यंराजसन्मानमेवच ॥
लाभंचैवसदार्थस्यजायतेनात्रसंशयः ॥२२॥

જો च હેય તો કહેવું કે-જય થશે, રાજદરબારથી સન્માન થશે. લાભ થશે અને સાહુજ પૈસો મળી આવશે, એમાં શક નથી.

छकारेसर्वकार्याणिरत्नानिविविधानिच ॥
आरोग्यंक्षेममानंदंसौभाग्यमतुलंभवेत् ॥२३॥

જો छ હોય તો-બધાં કામમાં જય થાય વિવિધ જાતનાં રતન મળે, શરીર સુખી રહે. મનમાં આનંદ રહે અને અપાર સૌભાગ્ય પ્રાપ્ત થાય.

जकारेद्रव्यहानिस्यात्कार्यंचैवविनश्यति ॥
मित्रैःसहविरोधश्चकलहंलभतेनरः ॥२४॥

જો જ કાર હોય તો કહેવું કે-દ્રવ્યહાનિ થાય-ધારેલું કામ અદ્ધરથીજ ઉડી જાય, મિત્રની સાથે વિરોધ થાય અને કોઇ પણ માણસથી કલહ થયા કરે.

झकारेत्वर्थलाभश्चरत्नानिविविधानिच ॥
सौभाग्यमर्थप्राप्तिश्चकार्यंचसफलंभवेत् ॥२५॥

જો ઝ હોય તો-દ્રવ્ય લાભ થાય, વિવિધ રત્નો મળે સારૂ થાય અને ધારેલાં કામ સફળ થાય.

ञकारेशोकसंतापोबंधनंचभविष्यति ॥
इष्टैःसहविरोधश्चमृत्युश्चैवनसंशयः ॥२६॥

જો ઞ-શોક સંતાપ થાય, બંધન થાય, ઈષ્ટ માણસોની સાથે વિરોધ થાય, અને મરણ નિપજે એમાં શંકા નહિ.

टकारेदृश्यतेलाभोविजयश्चभविष्यति ॥
प्राप्नोतिसफलंकार्यंनूनंसर्वार्थसाधनम् ॥२७॥

જો ટ કાર હોય તો-લાભ થઈ આવે, વિજય મળે, સારા કામનું ફળ મળે, અને સર્વ અર્થ સરે.

ठकारेसर्वसिद्धिश्चधनंधान्यंतथैवच ॥
आरोग्यंसफलंकार्यंजायतेनात्रसंशयः ॥२८॥

જો ઠ હોય તો-સર્વ સિદ્ધિ ધન ને ધાન્ય મળે, શરીર સુખાકારીમાં રહે ને કામ સફળ થાય એમાં શક નહિં.

डकारेलभतेसिद्धिंवर्द्धमानांतथैवच ॥
सत्यंचक्षेममारोग्यंलभतेनात्रसंशयः ॥२९॥

જો ડ કાર ઉપર પ્રશ્ન મુકાયલો હોય તો કહેવું કે–તમારૂં કામ સિદ્ધ થશે, માન મળશે, તમે સત્યવાન્ ગણાશો, અને તમારૂં ક્ષેમકલ્યાણ થશે.

ढकारेबंधनंव्याधिःशोकसंतापएवच ॥
मनसाचिंतितंयच्चत्तत्सर्वंनिष्फलंभवेत् ॥३०॥

જો ઢ આવે તો કહેવું કે–બંધન આવે, રોગ થાય, શોક થાય, મનમાં ચિન્તા ઉત્પન્ન થાય, મનમાં ધારેલી બાબતોનો નાશ થાય.

णकारेसकलाविद्यासौभाग्यमतुलंभवेत् ॥
आरोग्यंचधनंधान्यंसर्वंचैवसदाभवेत् ॥३१॥

જો ણ આવે તો–કહેવું કે સઘળી વિદ્યાઓ આવડશે, અપાર સૌભાગ્ય પ્રાપ્ત થશે, શરીરે આરોગ્ય રહેશે અને ધન ધાન્ય પુષ્કળ મળશે.

तकारेचार्थलाभश्चसौभाग्यमपिजायते ॥
अपरेणभवेत्सिद्धिःसर्वकामार्थसाधनम् ॥३२॥

જો ત કાર આવતો હોય તો કહેવું કે-અર્થ લાભ થશે, સૌભાગ્ય પણ પ્રાપ્ત થશે, બીજા કામોમાં સિદ્ધિ મળશે એટલુંજ નહિ. પણ સર્વે કામ ઝટ સાધી શકાશે.

थकारे अर्थहानिश्चस्थानविच्छेदएवच ॥
अतिसंभ्रमरोगश्चभवेदेवनसंशयः ॥३३॥

જો થ આવતો હોય તો કહેવું કે-ધન હાનિ થશે, સ્થાન ભ્રષ્ટ થશો, મનમાં સંતાપ થયા કરશે અને ગમે ત્યાંથી રોગ આવી પીડા કરશે.

दकारेधर्मलाभश्चसुखमारोग्यमेवच ॥
भुक्तिश्चैवसुखंनित्यंलभतेनात्रसंशयः ॥३४॥

જો દ ઉપર પ્રશ્ન આવતો હોય તો કહેવું કે-ધર્મ લાભ થશે, સુખ અને શરીર સુખ બન્ને પ્રાપ્ત થશે એમાં શંકા નથી.

धकारेधनलाभश्चसुखमारोग्यमेवच ॥
प्राप्नोतिभाग्यमतुलंमानवोनात्रसंशयः ॥३५॥

જો ધ હોય તો કહેવું કે-ધન મળશે, સુખ અને

શરીર સુખાકારી સારી રીતે રહેશે, અતુલ્ય ભાગ્ય આવી મળશે એમાં શંકા નથી.

नकारेभोगसंप्राप्तिःसर्वलाभोभविष्यति ॥
आरोग्यंसफलंकार्यंभवेदत्रनसंशयः ॥२६॥

જો ન હોય તો નાના પ્રકારના ભોગ વિલાસ ભોગવાશે સર્વ બાબતમાં લાભ થશે, શરીરની સુખાકારી સારી રહેશે અને ધારેલાં કામ સફળ થશે એમાં શક નથી એમ કહેવું.

पकारेधननाशश्चव्याधिबंधनमेवच ॥
उद्वेगःकलहोनित्यंजायतेनात्रसंशयः ॥२७॥

જો પ કાર આવતો હોય તો-ધનનો નાશ થશે રોગ થશે, રાજબંધન થશે, મનમાં ઉદ્વેગ થશે, અને ઘરમાં કલહ ઘર કરશે એમ કહેવું.

फकारोधनसंप्राप्तिःसर्वसंपत्तथैवच ॥
सर्वकार्याणिसिद्ध्यंतिनैरुज्यंलभतेसुखम् ॥२८

જો પ્રશ્ન મુકનારે ફ કાર ઉપર સોપારી મુકી હોય તો-ધન મળશે, સર્વે સંપત્તી પ્રાપ્ત થશે, સર્વે કામ સિદ્ધ થશે, ને આરોગ્યતા રહેશે એમ કહેવું.

थकारेत्वंधनंनाशोभविष्यतिनृणांध्रुवं ॥
मामोतिमरणंनित्यंव्याधिचैवविनिर्दिशेत् ॥३९॥

જો થ કાર આવે તો-બંધન, નાશ, અને જો રોગી સંબંધી પ્રશ્ન હોયતો ખચીત મરણ થશે એમ જાણવું.

भकारेदृश्यतेहानिर्लाभश्चैवभवेत्पुनः ॥
पुत्रोमनोरथप्राप्तिर्भविष्यतिनसंशयः ॥४०॥

જો ભ આવે તો-હાનિ પાસે આવે છે, અને પાછળથી લાભ થાય, અને પુત્ર તથા મનોરથ સિદ્ધિ નિઃશંસય થાય એમાં શક નથી એમ કહેવું.

मकारेनिधनंनूनंमापदापरमास्मृता ॥
नचभोगोभवेत्तस्यसर्वंभवतिनिष्फलम् ॥४१॥

જો મ આવે તો-નિર્ધનતા પ્રાપ્ત થાય, આપદા આવી પડે, ભોગ વિલાસમાં ખલેલ આવે ને જે જે કરીએ તે સર્વ નિષ્ફળ જાય એમ માનવું.

यकारेचार्थमामोतिधनधान्यसमंफलं ॥
सुशोभनंभवेत्तस्यसर्वलाभोभविष्यति ॥४२॥

જો ય હોય તો- ધન મળે, ધન ધાન્યની સરખે સરખી પ્રાપ્તિ થાય-કીર્તિ વધે. અને સર્વ પ્રકારે લાભ થાય એમ જાણવું.

रकारेसभयंकार्यंविरोधःस्वजनैःसह ॥
नित्यंचजायतेहानिर्मरणंदुःखमेवच ॥४३॥

જો ર આવે તો કહેવું કે-જે કામ કરશો તેમાં ભય સામે આવશે, પોતાના કુટુંબમાં અને સગાં વહાલાંમાં વિરોધ થશે, નિત્ય હાનિ થયા કરશે અને કોઈનું મરણ દુઃખ આવી પડશે.

लकारेधनसंप्राप्तिर्लोभश्चापिभवेत्पुनः ॥
विपुलंचमहाभोग्यंलभतेनात्रसंशयः ॥४४॥

જો લ આવે તો-ધન મળશે, વળી લાભ પણ થશે, મહાભોગ્ય એવા વૈભવ આવી મળશે એમાં કઈ સંશય નથી એમ કહેવું.

वकारेकार्यनाशश्चधनहानिश्चजायते ॥
दुःखंशोकंचसंतापंमहाभयमुपस्थितम् ॥४५॥

જો વ આવે તો-કાર્યનો નાશ થશે, ધન ચોરાઈ જશે કે નાશ પામશે, દુઃખ શોક સંતાપ, અને મહાભય માથે આવી પડશે એમ કહેવું.

शकारेकार्यसिद्धिश्चसफलंचदिनेदिने ॥
अर्थलाभोभवेन्नित्यंसर्वंकार्यंभविष्याति ॥४६॥

જો શ કાર આવતો હોય તો–કામની સિદ્ધિ, અને દિવસે દિવસે કામ વધારે સરતાં જાય, ધનનો લાભ થાય અને ધારેલાં કામ સફળ થતાં જાય.

पकारेधनधान्यंचसर्वंकार्यंचासिद्ध्यति ॥
कुशलंचसदानूनंसर्वतस्यशुभंभवेत् ॥४७॥

જો પ્રશ્ન મુકનારે પ ઉપર પ્રશ્ન મુક્યો હોય તો કહેવું કે–તમારાં ધન, ધાન્ય અને બીજાં બધાં કામમાં ફતેહ થશે, સર્વદા કુશળ રહેશો અને તમારૂં સારૂંજ થશે.

सकारेनिःफलंनित्यंचिंतांचलभतेनरः ॥
मनसाचिंतितंकार्यंसर्वमेवविनश्यति ॥४८॥

જો સ હોય તો–ધારેલી બાબતો નિષ્ફળ થશે, અને મનમાં જેમાંથી લાભ થવાની આશાઓ રાખવામાં આવતી હશે તે બધાં કામ નાશ પામશે.

हकारेचमहासिद्धिःसर्वकार्यफलप्रदा ॥
सिद्ध्यंतिसर्वकार्याणिनात्रकार्याविचारणा४९

જો હ આવે તો–મહા સિદ્ધિ મળશે, સર્વ કા-

મમાં ફળ મળશે, સર્વ કામ થશે એટલુંજ નહિં પણ નહિં ધારેલાં કામમાંથી પણ સારૂ ફળ મળશે એમ કહેવું.

क्षकारेराजसम्मानंविद्यालाभंतथैवच ॥
स्थानंचशोभनंतस्यरुद्रवाक्येनसंशयः ॥५०॥

જો-પ્રશ્ન મુકનારે ક્ષ કાર ઉપર પ્રશ્ન મુકયો હોય તો તેને ખાતરીથી કહેવું કે-તમને રાજદરબારમાંથી માન મળશે, વિદ્યા પ્રાપ્ત થશે, શોભાને વધારે એવું સ્થાન મળશે અને ઈશ્વર કરશે તો તમારી ઉત્તરોત્તર સર્વે કામમાં ફતેહજ થતી જશે.*

ઇતિ શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત પંચાશત શાસ્ત્ર સમાપ્ત.

---

* પ્રશ્ન જોનારે પોતાની બુદ્ધિથી પ્રશ્ન પુછનારને તેની સ્થિતિ અને કેવા વિષયનો પ્રશ્ન છે તે જોઈ વિચારીને પોતાની બુદ્ધિથી શ્લોકના અર્થ ઉપર આધાર રાખી ઉત્તર આપવા જેમકે--વૃદ્ધ માણસે પ્રશ્ન પુછ્યો હોય તો તેને વિદ્યા લાભ બતાવવો એ ન શોભે ત્યારે એમ સમજવું કે વિદ્યાર્થીના પ્રસંગમાંજ તે ઉપયોગી છે. અને વૃદ્ધના પ્રસંગમાં સત્સંગજ યોગ્ય છે એમ સમય, દેશકાળ, પ્રકૃતિ અને પૃચ્છકની ધારણાનું અનુમાન કરીનેજ પ્રશ્નનો ભાવાર્થ વિસ્તારથી અને જોઇએ ત્યાં સારમાં કહેવો ઉચિત છે.

॥ आयचक्र ॥

सू	मं	शु	बु	बृ	श	चं	रा	इति वर्ग ग्रहो
अ	क	च	ट	त	प	य	श	इति वर्ग वर्णो
ग	मा	सिं	स्वा	ना	मु	मृ	मे	इति वर्ग देवता
ध्वज १	धूम्र २	सिंह ३	श्वान ४	वृष ५	खर ६	गज ७	ध्वांक्ष ८	आयाष्टध्वजादय:

श्रीःभूतभाविवर्त्तमानप्रश्नज्ञानंज्योतिषाकृतम्॥
आयप्रश्नमिदंग्रंथंचमत्कृतिकरंपरम् १
उच्चारितफलनामाद्यक्षरवशतोज्ञात्वाअकारा-
दिवर्गैःकोष्ठानिपूरयित्वाध्वजादयोऽष्टायाः
कल्पनीयाःतेयथा ध्वजोधूम्रश्चसिंहश्चश्वानोवृ-
षखरौगजः
ध्वांक्षस्त्वायाष्टकंज्ञेयंशुभाशुभमिदंस्फुटम् ॥२

વિઘ્નરાજ જ્યોતિર્વિદ્દને બનાવેલો આ આય નામનો પ્રશ્નગ્રંથ છે તે બહુજ ચમત્કારી છે તેમાંથી ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળના પ્રશ્નો થઈ આવે છે.

પ્રશ્નકર્તા મુખમાંથી જે વર્ણ ઉચ્ચારે અથવા કોઈ ફળનું નામ દે તેનો પ્રથમ અક્ષર લેવો અને અ-કારાદિક જે આઠ વર્ગ છે તેના કોઠામાં તેને લાવી અથવા એજ વર્ણથી ધ્વજાદિક જે આઠ આય છે તેની પણ કલ્પના કરવી, એની મતલબ એકે અ-કરાદિ વર્ગોમાં જે વર્ણ પહેલો ઉચ્ચારાયો હોય એને પહેલા કોઠામાં સ્થાપન કરવો એજ ક્રમ પ્રમાણે

ધ્વજાદિકમાં જે એ વર્ગનો સ્વામિ હોય તેને આદિ લઈને તે સ્થાપન કરવો, તે આય કહેવાય છે. ધ્વજ ધુમ્ર, સિંહ, શ્વાન, વૃષ, ખર, ગજ, અને ધ્વાંક્ષ એ આઠ આય છે. એ વડે શુભ અને અશુભ ફળ પ્રત્યક્ષ કહેવાય છે.

अथध्वजादिस्वामिनः
ध्वजेसूर्यश्चविज्ञेयः धूम्रेभौमस्तथैवच ॥
सिंहेशुक्रश्चविज्ञेयःश्वानेसौम्यस्तथैवच ३
वृषेगुरुश्चविज्ञेयःखरेसूर्यसुतस्तथा
गजेध्वांक्षेचन्द्रराहूएतेचपतयःस्मृताः ४

અથધ્વજાદિ સ્વામિન.

ધ્વજનો સ્વામિ સૂર્યને જાણવો. ધુમ્રનો સ્વામી મંગળ છે. સિંહનો સ્વામી શુક્રને જાણવો, અને શ્વાનનો સ્વામી બુધ છે. વૃષનો સ્વામી બૃહસ્પતિ છે, ખરનો સ્વામી શની છે, ગજનો સ્વામી ચંદ્રમા અને ધ્વાંક્ષનો સ્વામી રાહુને જાણવો. એનાથી અનંતર છે કે નહિ તેનો વિચાર ધ્વજ કુંજર અને સિંહ વૃષ વગરે પ્રશ્નમાં આવે તો કહેવાનું કે એથી

ભિન્ન જે ચાર-છે તે આવે તો કહેવું કે નથી આવતું. આનું પ્રયોજન ગર્ભીણી વગરે પ્રશ્નમાં છે કે નથી તેનો વચાર કરવાને માટે છે.

अथलाभालाभप्रश्नः

ध्वजकुंजरसिंहेषुवृषेचास्तिविनिश्चितम् ॥५॥
ध्वजेगजेवृषेसिंहेशीघ्रंलाभोभवेद्ध्रुवम् ॥
ध्वांक्षेश्वानेखरेधम्रे नाशश्चकलहप्रदः ॥६॥

लाभ अने लाभना प्रश्न.

ધ્વજ, ગજ, વૃષ અને સિંહ એ આઠ પ્રશ્ન આવે તો કહેવું કે જલદી લાભ થશે, અને જો ધ્વાંક્ષમાં શ્વાનમાં ખર અને ધૂમ્રમાં પ્રશ્ન આવે તો કહેવું કે લાભનો નાશ થશે અને કલહ થશે.

अथनष्टलाभालाभप्रश्नः

ध्वजेगजेवृषेसिंहेगतलाभोभवेद्ध्रुवम् ॥
ध्वांक्षेधूम्रेखरेश्वानेहानिर्भवतिनिश्चितम्॥७॥

ગયલી વસ્તુ મળશે કે નહિ તેના પ્રશ્ન.

જો ધ્વજ, ગજ, વૃષ અને સિંહમાં કોઇ વસ્તુ ગઇ હોય તો કહેવું કે જરૂર પાછી મળશે અને ધ્વાંક્ષ,

ધૂમ્ર ખર અને શ્વાનમાં ગઈ હોય તો ફરી પછી મળવાની આશાજ છોડો એમ કહેવું.

ध्वजेचब्राह्मणश्चौरोधूम्रेक्षत्रियएवच ॥
सिंहेवैश्यश्चविज्ञेयःखरेचसेवकस्तथा ॥८॥
गजेदासीचविज्ञेयाध्वांक्षेचनायकस्तथा ॥
वृषेश्वानेतथाज्ञेयश्चौरश्चांत्यजसंभवः ॥९॥

કઈ જાતનો ચોર છે.

ધ્વજમાં ગઈ હોય તો કહેવું કે ચોર જાતનો બ્રાહ્મણ છે. ધૂમ્રમાં ચોરાઈ હોય તો ક્ષત્રિયને ચોર જાણવો, સિંહમાં ચોરાઈ હોય તો વૈશ્યને ચોર જાણવો, ખરમાં ચોરાઈ હોય તો સેવક દાસને ચોર જાણવો. ગજમાં ગઈ હોય તો દાસીને ચોર જાણવી અને ધ્વાંક્ષમાં ચોરાઈ હોય તો જાણવું કે ઘરના માણસેજ તે ચીજને ક્યાંઈ ઓળવી છે. અને વૃષ તથા શ્વાનમાં ગઈ હોય તો જાણવું કે અંત્યજ કાંતા શુદ્ર ચોર છે.

अथदिक्षुनष्टवस्तुज्ञानम् ध्वजेपूर्वगतंचैवधूम्र-
आग्नेयदिग्गतम् ॥

सिंहेचदक्षिणेचैवनैऋतेश्वानएवच ॥१०॥
पश्चिमेवृषभेज्ञेयंवायव्यांखरभेतथा ॥
उत्तरेकुंजरेद्रव्यमीशान्यांध्वांक्षकेतथा ॥११॥

કઇ દિશામાં ગઇ છે તે પ્રશ્ન.

પ્રશ્નમાં ધ્વજ આવે તો કહેવું કે પૂર્વ દિશામાં ગઇ છે. ધૂમ્ર હેય તો અગ્નિ ખુણામાં ગઇ છે; સિંહે દક્ષિણ દિશામાં ગઇ છે. શ્વાન આવે તો જાણવું કે નૈરૂત્ય દિશામાં ગઇ છે. પ્રશ્નમાં વૃષભ આવે તો પશ્ચિમ, ખર આવે તો વાવ્ય દિશા, ગજ આવે તો ઉતર અને ધ્વાંક્ષ આવે તો જાણવું કે ઇશાન કોણમાં તે વસ્તુ ચોઈ ગઇ છે.

अथनष्टस्यस्थानांतरेगतज्ञानम् ॥
उखरेचध्वजेनष्टंधूम्रेचाग्निगृहेतथा ॥
गतंसिंहेतथारण्येश्वानेस्वानतरेऽपिच ॥१२॥

કયા સ્થાનમાં ગઈ છે તે.

ધ્વજ સંજ્ઞકમાં કહેવું કે મરૂ ભુમિ તરફ અર્થાત્ ઉજડ દેશ તરફ-ધૂમ્ર સંજ્ઞા આવે તો જાણવું કે

અગ્નિગ્રહ તરફ-રસોડા તરફ, સિંહ આય સંજ્ઞા આવે તો કહેવું કે ચોરેલી વસ્તુ વનમાં રાખી છે. અને જો શ્વાન સંજ્ઞા આવે તો કોઇના ઘરમાં તે વસ્તુ મુકી છાંડી છે એમ કહેવું.

अथप्रवासीकुशलप्रश्नः सिंहेवृषेध्वजेचैवकुंजरे-
कुशलप्रदः ॥
ध्वांक्षेश्वानेखरेधूम्रेनास्तीतिकुशलंवदेत् ॥१३॥

પ્રવાસિકુશળ પ્રશ્ન.

પ્રશ્ન સમયમાં સિંહ, વૃષ, ધ્વજ કુંજર આવતા હોય તો પરદેશી કુશળ છે એમ જણાવવું. પ્રશ્ન જો ધ્વાંક્ષ, શ્વાન, ખર અને ધૂમ્રસંજ્ઞા ઉપર આવતા હોય તો પરદેશી માંદો છે એમ જણાવવું.

अथप्रवासीचरास्थरप्रश्नः
ध्वजेगजेस्थिरश्चैवश्वानेसिंहेचचंचलः ॥
वृषेधूम्रेप्रयाणस्थंखरेध्वांक्षेचकष्टकम् ॥१४॥

પરદેશી એક ઠેકાણે છે કે પ્રવાસમાં.

પ્રશ્નમાં ધ્વજ અને ગજ આવે તો સ્થિર છે એટલે કે એક ઠેકાણે વસે છે એમ કહેવું-શ્વાન

અને સિંહે ગડમડમાં છે એટલે કે જવા આવવામાં ને રખડવામાં છે એમ કહેવું. વૃષ અને ધૂમ્રમાં પ્રયાણે નિકળેલ છે એમ કહેવું. અને જો ખર અને ધ્વાંક્ષસંજ્ઞા આવતી હેય તો કહેવું કે કષ્ટમાં છે.

अथगमनप्रश्नः

ध्वजेधूम्रेसमीपस्थंदूरस्थंगजसिंहयोः ॥
वृषेखरेचमार्गस्थंध्वांक्षेश्वानेपुनर्गतम् ॥१५॥

પરદેશી ક્યારે આવશે.

પ્રશ્ન સંજ્ઞામાં ધ્વજ કિંવા ધુમ્ર આવે તો કહેવું કે પરદેશી પાસેજ આવેલો છે. ગજ અને સિંહ આવતા હોય તો કહેવું કે દૂર છે. વૃષ અને ખરની સજ્ઞામાં માર્ગે પડ્યા છે. અને ધ્વાંક્ષ તથા શ્વાને પાછા વળ્યા એમ જણાવવું.

अथकालोवाच्यः

ध्वजेपक्षमितिप्रोक्तंधूम्रेसप्तदिनंतथा ॥
एकविंशश्चसिंहेचश्वानेमासंतथैवच ॥१६॥
वृषेतुसार्द्धमासंचखरेमासद्वयंतथा ॥
गजेमासत्रयंप्रोक्तंध्वांक्षेह्ययनसंमितम् ॥१७॥

પરદેશી ક્યારે સોરો આવશે.

પ્રશ્નમાં ધ્વજ આવે તો પંદર દિવસમાં આવશે એમ કહેવું ધુમ્રમાં સાત દિવસ, સિંહમાં એકવીસ દીવસે આવશે અને શ્વાનમાં એક મહિને આવશે એમ કહેવું.

પ્રશ્નમા વૃષ આવે તો દોઢ મહિને, અને ખરમા બે મહિને, ગજમાં ત્રણ માસે અને ધ્વાંક્ષમાં ખ-રેખર છ મહિને પરદેશી ઘેર આવશે એમ કહેવું.

अथधातुजीवमूलचिन्ताप्रश्नः ॥

ध्वजेधूम्रेधातुचिन्तांगजेसिंहेचमूलकं ॥
श्वानेखरेवृषेध्वांक्षेजीवचिन्तांवदेद्बुधः ॥१८॥
ध्वजेसुवर्णकंज्ञेयंधूम्रेरौप्यंतथैवच ॥
सिंहेताम्रंचविज्ञेयंश्वानेलोहंतथैवच ॥१९॥
वृषेकांस्यंखरेनागंकथितंसीसकंगजे ॥
ध्वांक्षेपित्तलकंज्ञेयंकथितंगणकोत्तमैः ॥२०॥

હવે ધાતુ મૂળ અને જીવ ચીંતા પ્રશ્ન.

જો તે સમયે ધ્વજ અથવા ધુમ્ર હોય તો કહે-વું કે પ્રશ્ન કરતાને ધાતુ ચિન્તા છે. ગજ અને સિંહ

હોય તો મૂળ ચિન્તા કહેવી અને શ્વાન, ખર, વૃષ અને ધ્વાંક્ષમાં પંડિતે પુછનારને જીવ ચિન્તા છે એમ કહેવું.

જો પ્રશ્ન કાળે ધ્વજ હોય તો સુવર્ણ કહેવું, ધુમ્રમાં રૂપું, સિંહ તાંબુ, અને શ્વાને લોખંડ મળશે એમ કહેવું. વૃષમાં કાંસુ અને ખરમાં જશાત ગજમાં સીસું અને ધ્વાંક્ષમાં પીતળ જાણવું એમ ગણીત શાસ્ત્રીઓ કહે છે.

ध्वजेआभूषणंमूर्द्ध्नः धूम्रेतुमुखभूषणम् ॥
कंठस्याभूषणंसिंहेश्वानेचकर्णयोरिदम् ॥२१॥
वृषेहस्तादिकंज्ञेयंअंगुलीभूषणंखरे ॥
गजेचकटिसूत्रंचध्वांक्षेपादादिगंतथा ॥२२॥

આભૂષણ પ્રશ્ન.

જો પ્રશ્નમાં ધ્વજ આવે તો માથાનું આભૂષણ મળે, ધુમ્રમાં મુખ આભૂષણ સિંહમાં કંઠાભૂષણ, શ્વાને કર્ણાભૂષણ કહેવું. વૃષમાં હાથનું ભૂષણ, ખર માં આંગળીનું આભૂષણ (વીંટી) ગજમાં કટિસુત્ર (કંદોરો) ધ્વાંક્ષમાં પદાભૂષણ ઝાંઝર વગેરે કહેવું.

अथमुष्टिप्रश्नः

ध्वजेपत्रंचविज्ञेयंधूम्रेपुष्पंप्रकीर्तितम् ॥
सिंहेफलंचविज्ञेयंश्वानेकाष्ठादिकंतथा ॥२३॥
वृषेधान्यंतथाप्रोक्तंखरेतृणंनिगद्यते ॥
गजेबीजंचविज्ञेयंतुषंध्वांक्षेतथास्मृतम् ॥२४॥
कुसुमंचध्वजेज्ञेयंधूम्रेश्वेतंतथैवच ॥
लोहितांगंभवेत्सिंहेश्वानेपांडुरनीलकम् ॥२५॥
पीतवर्णोवृषेज्ञेयःखरेधूम्रश्चवर्णकः ॥
गजेचश्यामवर्णंचध्वांक्षेचमिश्रवर्णकम् ॥२६॥

હવે મુષ્ટિ પ્રશ્ન.

પ્રશ્નમાં જો ધ્વજ હોય તો પત્ર જાણવાં, ધુમ્રે પુષ્પ જાણવાં, સિંહે ફળ જાણવાં અને શ્વાને કાષ્ઠાદિક જાણવાં, વૃષે ધાન્ય, ખરે તૃણ-ઘાસ, ગજે બીજ અને ધ્વાંક્ષે કોઈ ધાનનાં ફોતરાં કહેવાં.

પ્રશ્નમાં જો ધ્વજ હોય તો કુસુમ જાણવું ધુમ્રે શ્વેત રંગ જાણવો, સિંહે લોહિત-લાલ, શ્વાને પાંડુરનીલ લીલો. વૃષે પિત, ખરે ધુમ્રવર્ણ, ગજે શ્યામવર્ણ જાણવો, તથા ધ્વાંક્ષે મીશ્રરંગ જાણવો.

अथकन्यापुत्रजन्मप्रश्नः ॥
ध्वजेवृषेगजेसिंहेगुर्विणीपुत्रमादिशेत् ॥
धूम्रेश्वानेखरेध्वांक्षेकन्याजन्मविनिर्दिशेत् २७

હવે ગર્ભવતીને પુત્રિ કે પુત્ર આવશે ?

ધ્વજે, વૃષે, ગજે અને સિંહે ગર્ભણી છોકરો જણશે એમ જણાવવું. અને ધુમ્રે, શ્વાને, ખરે અને ધ્વાંક્ષે કન્યા—છોકરી અવતરશે એમ જાણવું.

अथआयुःप्रमाणम्
ध्वजेसिंहे१००शतंप्रोक्तंगजेव्योमगज८०स्तथा
वृषेचषष्ठि६०वर्षाणिखरेव्योमाब्धि४०संज्ञकम्
श्वानेचविंशतिः प्रोक्ताध्वांक्षेचषोडश स्तथा ॥
धूम्रेवर्षमितिज्ञेयमित्यायुश्चविचिंतयेत् ॥२९॥

આયુષ્ય પ્રમાણ.

પ્રશ્નમાં ધ્વજ અને સિંહ આવે તો ૧૦૦ વરસનો આવરદા કહેવો. ગજ આવે તો ૮૦ વરસ જીવે, વૃષે ૬૦ વરસ, ખરે ૪૦ વરસનો આવરદા છે એમ કહેવું શ્વાને વીશ વરસનો, અને ધ્વાંક્ષે

સોળ વરસનો અને ધુમ્રે એક વરસનોજ આવરદા જાણવો.

अथशत्रोरागमनप्रश्नः

उपश्रुतिःस्याद्भवतीतिसत्याध्वजेगजेसिंहवृषे-
चप्राहुः ॥
श्वानेखरेध्वांक्षकधूम्रएवमुपश्रुतिः स्याद्भवती-
तिमिथ्या ॥३०॥

શત્રુ આવશે કે કેમ?

ધ્વજે, ગજે, સિંહ અને વૃષે શત્રુના આગમન વિષે જે સાંભળ્યું હોય તે સત્યજ જાણવું. અને શ્વાન, ખર, ધ્વાંક્ષ અને ધુમ્રનાં શત્રુ વિષે જે સાંભળ્યું હોય તે મિથ્યા છે એમ જાણવું.

अथजयपराजयप्रश्नः

गजेध्वजेवृषेसिंहेस्थायिनोजयसंभवः ॥
खरेश्वानेतथाधूम्रेध्वांक्षेतुयायिनोजयः ॥३१

જય પરાજય પ્રશ્ન.

ગજ, ધ્વજ, વૃષ અને સિંહમાં જરૂર જય થશે

એમ જાણવું. અને ખર, શ્વાન, ધુમ્ર અને ધ્વાંક્ષમાં આવનારાનો (શત્રુનો) જય થશે એમ જાણવું.

अथवृष्टिप्रश्नः

धूम्रेवृषेगजेश्वानेवृष्टिर्भवतिचोत्तमा ॥
सिंहेध्वजेविलंबंचध्वांक्षेखरेनासिद्धयः॥२३॥

વરસાદપ્રશ્ન.

ધુમ્ર, વૃષ, ગજ અને શ્વાનમાં સારો વરસાદ થશે એમ જાણવું. સિંહ અને ધ્વજમાં વિલંબ થશે એમ જાણવું. અને ધ્વાંક્ષ તથા ખરમાં વરસાદ નહિ થાય એમ જાણવું.

अथनक्षत्रगर्भविचारः

अश्विन्याद्यभमारभ्यनक्षत्रंदशकंतथा ॥
तस्मात्पंचनक्षत्रंगर्भपातस्यचिंतयेत् ॥३३॥
गर्भपातेतथावृष्टिर्हानिर्भवतिनिश्चिता ॥
गर्भपृष्टेतथावृष्टिर्यथाभवतिचोत्तमा ॥३४॥

નક્ષત્ર ગર્ભ વિચાર.

અશ્વિની વગેરે નક્ષત્રોથી વૃષ્ટિ ગર્ભનો વિચાર—અશ્વિન્યાદિ દશ નક્ષત્ર ગર્ભને યોગ નક્ષત્રો છે.

તેમાં પહેલાં પંચ નક્ષત્ર ગર્ભ નક્ષત્ર ગણાય છે. તેણે કરીને ગર્ભપાતનો વિચાર કરવો.

ગર્ભપાતનું નક્ષત્ર તે સમયે આવે તો વૃષ્ટિમાં હાની છે એમજ જાણવું અને ગર્ભપૃષ્ટ જે દશ નક્ષત્ર છે તેમાંનું કોઇ આવે તો સારી વૃષ્ટિ થશે એમ જાણવું.

अथदिनादिनाप्रश्नः

धूम्रेसप्तदिनंप्रोक्तंवृषेदिग्भिस्तथैवच ॥
श्वानेचविंशतिर्ज्ञेयागजेचसप्तविंशतिः ॥३५॥
सिंहेध्वजेचव्योमाब्धिखरेध्वांक्षेऋतुस्तथा ॥
वर्षाकालेचविज्ञेयंकथितंगणकोत्तमैः ॥३६॥

દિનનિયમઃ

વરસાદના પ્રશ્નમાં ધુમ્ર આવે તો કહેવું કે સાત દિવસમાં વૃષ્ટિ થશે. વૃષ આવે તો દશ દિવસ, શ્વાને વીશ દિવસ, ગજે સત્તાવિશ દિવસ, સિંહ, ધ્વજે ૪૦ દિવસ, અને ખર અને ધ્વાંક્ષ આવે તો બે મહિને વૃષ્ટિ થશે એમ જાણવું.

अथस्त्रीलाभप्रश्नः

ध्वजेचसिंहेचवृषेचलाभः स्त्रियंसुरूपांलभतेस-

शीलां ॥
श्वानेखरेध्वांक्षगजेचधूम्रेकार्यस्यहानिः कलहस्तथैव ॥३७॥

સ્ત્રી લાભ:

જો પ્રશ્નમાં ધ્વજ, સિંહ અને વૃષ આવે તો સદાચારવાળી અને સ્વરૂપા સ્ત્રી પ્રાપ્ત થશે એમ કહેવું. શ્વાન, ખર, ધ્વાંક્ષ અને ગજ આવે તો કાર્યની હાની થાય, સ્ત્રી મળે નહિં અને કલેશ ઉત્પન્ન થાય.

अथव्यवहारप्रश्नः
ध्वजेगजेवृषेसिंहेव्यवहारशुभावहः ॥
ध्वांक्षेश्वानेखरेधूम्रेकलहाद्यशुभप्रदः ॥३८॥

વ્યવહાર પ્રશ્ન:

જો પ્રશ્નમાં ધ્વજ, ગજ, વૃષ અને સિંહ આવે તો વ્યવહારમાં શુભ આવશે એટલે ઠીક ચાલશે, એમ કહેવું. ધ્વાંક્ષ, શ્વાન ખર અને ધુમ્ર આવે તો કલહ થાય અને વ્યવહારનું ગાડું ભાગી પડે એમ જાણવું.

अथनौकाप्रश्नः

ध्वजकुंजरसिंहेषुवृषेचकुशलप्रदः ॥
ध्वांक्षेधूम्रेखरेश्वानेनौकामज्जयतिध्रुवम् ॥ ३९॥

નૌકા પ્રશ્ન.

પ્રશ્નમાં ધ્વજ, ગજ, સિંહ અને વૃષ આવે તો નાવ સારી રીતે ઘેર આવે ને લાભ થાય; અને ધ્વાંક્ષ, ધુમ્ર, ખર અને શ્વાન આવે તો જાણવું કે નાવ ભર દરિએ ડુબશે અને મહા હાની થશે.-

अथराज्यप्राप्तिप्रश्नः

गजेध्वजेचिरंप्राप्तिर्वृषेसिंहेचशीघ्रता ॥
श्वानेखरेनचप्राप्तिःशत्रुर्गृह्णातिसत्वरम् ॥४०॥
ध्वांक्षेधूम्रेपदंनास्तिकलहोभ्रातृजैःसह ॥
राजयोगविचारेषुकथितोगणकोत्तमैः ॥४१॥

રાજ પ્રાપ્તિ લાભ.

ગજ, ધ્વજમાં લાંબે કાળે રાજ પ્રાપ્તિ થાય, વૃષ અને સિંહમાં જલદી રાજ મળે, શ્વાન તથા ખરમાં

રાજ ન મળે અને જલદીજ શત્રુને હાથ આવી પડે. ધ્વાંક્ષ, ધુમ્રમાં રાજ ન મળે, ભાયાતો સાથે વેર થાય, એમ ગણિત જાણનારા કહે છે.

अथाधिकारप्राप्तिप्रश्नः

ध्वजेगजेस्थिरंप्राप्तिर्वृषेसिंहेचशीघ्रतः ॥
कलहश्वतथाश्वानेनास्तिचध्वांक्षधूम्रयोः ॥४२

અધિકાર પ્રાપ્તિ પ્રશ્ન.

જો પ્રશ્નમાં ધ્વજ અને ગજ આવે તો ઘણે કાળે અધિકાર મળે, વૃષે અને સિંહે જલદી પ્રાપ્ત થાય, શ્વાને કલહ થાય, અને ધ્વાંક્ષે પણ વેર થઈ આદર ઉડી જાય.

अथग्रामप्राप्तिप्रश्नः

ध्वजेवृषेगजेसिंहेग्रामप्राप्तिश्चनिश्चिता ॥
श्वानेखरेतथाध्वांक्षेधूम्रेनास्तीतिनिश्चितम् ४३

ગામ પ્રાપ્તિ પ્રશ્ન.

પ્રશ્નમાં ધ્વજ, વૃષ, ગજ અને સિંહ હોય તો રાજદરબારથી ગામ મળે એમાં શંકા નહિ. શ્વાને, ખરે અને ધ્વાંક્ષ, ધુમ્રે ગામ મળે નહિ એમ જાણવું.

अथकार्यसिद्धिप्रश्नः

गजेध्वजेस्थिरंकार्यंत्वरितंवृषसिंहयोः ॥
दीर्घकालेखरेश्वानेध्वांक्षेधूम्रेनसिद्ध्यति ॥४४॥

કાર્ય સિદ્ધિ પ્રશ્ન,

પ્રશ્નમાં ગજે, ધ્વજે ધીરેધીરે કામ થાય, વૃષ અને સિંહ જલદી કામ થાય, ખર હોયતો ઘણે કાળે કામ થાય અને ધ્વાંક્ષ અને ધુમ્ર હોય તો કોઇ કાળે કામ શરે નહિ.

अथवंदीमोचनप्रश्नः

धूम्रेश्वानेखरेध्वांक्षेबंदीशीघ्रंप्रमुच्यते ॥
वृषेगजेध्वजेसिंहेबंदिकष्टंसमादिशेत् ॥४५॥

બંધિવાન છુટવાના પ્રશ્ન.

પ્રશ્નમાં ધુમ્ર શ્વાન, ખર અને ધ્વાંક્ષ આવે તો જલદી બંધીવાન છૂટે. વૃષ, ગજ, ધ્વજ અને સિંહ આવે તો બંધીવાન છૂટે નહિ ને મહા કષ્ટ પડે.

अथकालनियमप्रश्नः

ध्वजेसप्तदिनंज्ञेयंसिंहेपक्षंतथैवच ॥

वृषेमासश्चविज्ञेयोगजेमासत्रयंतथा ॥४६॥
श्वानेखरेचषण्मासंधूम्रेध्वांक्षेचवर्षकं ॥
इतिकालंवदेत्प्रश्नेसर्वकार्येषुचिन्तयेत् ॥४७॥

બંધીવાન કયારે છુટશે.

પ્રશ્ન ધ્વજમાં આવે તો સાત દિવસમાં, સિંહમાં આવે તો ૧૫ દિવસમાં, વૃષમાં આવે તો એક મહિને, ગજમાં આવે તો ત્રણ માસમાં, શ્વાન, ખરમાં આવે તો છ મહિનામાં અને ધ્વાંક્ષ, ધુમ્રમાં આવે તો એક વરસે છૂટશે એમ જણાવવું.

अथदेवपूजा

ध्वजेभैरवपूजास्याद्धूम्रेचजगदंबिकां ॥
सिंहेचसूर्यभक्तिंचश्वानेवायुसुतस्तथा ॥४८॥
वृषेरुद्रार्चनंचैवखरेवागीश्वरींतथा ॥
गणेशंगजराजाख्येध्वांक्षेचपितृपूजनम् ॥४९॥

દેવ પૂજા પ્રશ્ન.

પ્રશ્ન ધ્વજમાં આવે તો ભૈરવની સેવા કરવી, ધુમ્રમાં જગત્ માતાની પૂજા કરવી, સિંહમાં સૂર્ય દે-

વતાનું આરાધન કરવું, શ્વાનમાં હનુમાનજીની પૂજા કરવી, વૃષમાં શિવજીની, ખરમાં વાગીશ્વરીની, ગજમાં ગણેશની, અને ધ્વાંક્ષમાં પિતૃગણની સેવા પૂજા કરવી.

अथदानानि

गोधूमान्नंध्वजेदद्याद्धूम्रेचैवतिलप्रदः ॥
पीतवस्त्रंचसिंहेचश्वानेचबलिविस्तरम् ॥५०॥
वृषेचतंडुलंप्रोक्तंखरेचचणकंतथा ॥
गजेगुडंतदादेयंध्वांक्षेचयवनालकम् ॥५१॥

ગ્રહદાનપ્રશ્ન.

પ્રશ્નમાં ધ્વજ આવે તો ગોધુમ (ઘઉં)નું દાન આપવું, ધુમ્રમાં તલનું દાન દેવું, સિંહમાં પીળા કપડાનું, શ્વાનમાં બળીદાન, વૃષમાં ચોખાનું દાન, ખરમાં ચણાનું દાન, ગજમાં ગોળનું દાન, અને ધ્વાંક્ષમાં જવનું દાન આપવું.

પ્રશ્નાષ્ટક.

ધ્રુવાંક.

લાભ અલાભના પ્રશ્નમાં......... ધ્રુવાંક ૪૨
જીવન મરણના પ્રશ્નમાં.......... ધ્રુવાંક ૪૦
સુખ દુઃખના પ્રશ્નમાં............ ધ્રુવાંક ૩૫
(પરદેશી આવશે કે નહિ) ગમના-
ગમન પ્રશ્નમાં................ ધ્રુવાંક ૩૪
જય પરાજયના પ્રશ્નમાં......... ધ્રુવાંક ૩૫
વૃષ્ટિ પ્રશ્નમાં.................. ધ્રુવાંક ૩૨
યાત્રા પ્રશ્નમાં................. ધ્રુવાંક ૩૫
ગર્ભવતી (શું જણશે) પ્રશ્નમાં... ધ્રુવાંક ૩૨

જે જાતનો પ્રશ્ન હોય તે જાતના ધ્રુવાંક ગણવા. એ પ્રમાણે ધ્રુવાંક કહ્યા પછી હવે સ્વર વ્યંજન ધ્રુવાંકઃ—

अ ના ધ્રુવાંક ૨૪, आ ના ૨૧, इ ૧૨, ई ૧૮, उ ૨૫, ऊ ૨૨, ए ૧૯, ऐ ૨૯, ओ ૧૯, औ ૨૫, अं ૧૦, अः ૨૨.

क ના ૨૧, ख ના ૩૧, ग ૧૦, घ ૧૮, ङ ૨૧, च ૨૭, छ ૧૬, ज ૩૪, झ ૨૫, ञ ૨૬, ट ૨૧,

ठ ૩૫, ड ૧૩, ढ ૧૪, ण ૧૭, त ૨૭, थ ૧૩,
द ૨૬, ध ૧૮, न ૧૮, प ૨૮, फ ૨૭, ब ૨૧,
भ ૨૬, म ૧૬, य ૪૨, र ૧૧, ल ૯, व ૭,
श ૨૫, ष ૧૧, स ૨૫, ह ૧૨, क्ष ૫,

આ પ્રમાણે અક્ષરની સામેના આંકડા તે તે અક્ષરનો ધ્રુવાંક જાણવો.

પ્રશ્ન જોવાની ઇચ્છા ધરાવનારે જો પ્રભાતનો વખત હોય તો બાળકની પાસે કોઈપણ ઝાડનું નામ દેવડાવવું. પ્રશ્નકાળ જો બપોરનો હોય તો જુવાન માણસ પાસે એકાદ પુષ્પનું નામ દેવડાવવું; અને સાંજનો વખત હોય તો વૃદ્ધ માણસ પાસે કોઈ ફળનું નામ લેવડાવવું. ત્યાર પછી જે જે અક્ષર ઝાડ–પુષ્પ અને ફળ-માં-જે વેળાએ જે નામ લેવડાવ્યું હોય તેના દરેક અક્ષરના ધ્રુવાંક લઈ તેનો સરવાળો કરવો, પછી જે જાતનો પ્રશ્ન હોય તે જાતના ધ્રુવાંક પણ તેમાં ઉમેરવા; ને પછી-જે આવે તેને નીચે પ્રમાણે ભાગવા—

જો લાભાલાભનો પ્રશ્ન હોય તો આવેલી રકમને ત્રણે ભાગવી–ભાગતાં જો એક ૧ વધે તો લાભ,

બે વધે તો થોડો લાભ અને સરભર થઇ જાય, ભાગ ઉડી જતાં કંઇ ન વધે તો હાની ધારવી.

જીવન મરણનો પ્રશ્ન હોય તો પણ ત્રણે ભાગવા. ૧ વધે તો જીવે, બે વધે તો કષ્ટ પામે અને શુન્ય આવે, તો મરણજ થાય.

જો સુખ દુઃખનો પ્રશ્ન હોય તો આવેલી રકમને બએ ભાગવી, એક વધે તો સુખ અને શુન્યે દુઃખ.

ગમન પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો, ૧ વધે તો આવે, બે વધે તો આગળ વધે, અને શુન્ય વધે તો પરદેશમાંજ પંડ પડે.

જય પરાજયનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવા. ૧ વધે તો જય બે વધે તો સંધી અને શુન્યે પરાજય.

વૃષ્ટિ પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો. એક વધે તો વરસાદ થાય, બે વધે તો અલ્પવૃષ્ટિ અને શુન્યે અનાવૃષ્ટિ.

યાત્રાનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો. એક વધે તો ભલી રીતે યાત્રા થાય, બે વધે તો મધ્યમ યાત્રા થાય. અને શુન્યે માર્ગમાંજ દેહ પડે.

ગર્ભવતીનો પ્રશ્ન હોય તો ત્રણે ભાગ લેવો એક

વધે તો છોકરો થાય, બે વધે તો છોકરી, અને શુન્યે ગર્ભવતીનું મરણ જાણવું—

સમજવાને ઉદાહરણ.

ગર્ભવતી + + + ને શું આવશે એવો પ્રશ્ન સવારમાંજ જોવો હોય તો બાળક પાસે ઝાડનું નામ દેવડાવવું. બાળકે ઝાડનું નામ દીધું કે—આંબો.

હવે જુવો ધ્રુવાંક આ—૨૧ અને
ધ્રુવાંક બ—૨૧
———
૪૨
ગર્ભવતી પ્રશ્ન ધ્રુવાંક—૩૨
———
ગર્ભવતી પ્રશ્ન છે માટે ત્રણે ભાગો ૩)૭૪(૨૪
૭૨
———
૨

બે વધ્યા માટે પુત્રી—છોકરી આવશે.

આ પ્રમાણે પ્રશ્ન જાતે પણ જોવાય છે.

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાં વેચાતા

પુસ્તકો.

	કીમત	પોસ્ટેજ.
બૃહત્ કાવ્યદોહન ભાગ ૧લો ત્રીજી આવૃત્તિ	૧- ૮-૦	૦-૪-૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૨ જો	૩- ૦-૦	૦-૬-૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૩ જો..	૩- ૦-૦	૦-૬-૦
બૃહત્ કાવ્યદોહન ભાગ ૪ થો.	૩- ૦-૦	૦-૬-૦
અરેબિયન નાઈટ્સ-ભાગ ૧ લો બીજી આવૃતી	૨- ૦-૦	૦-૪-૦
અરેબિયન નાઈટ્સ ભાગ ૨ જો.	૩- ૦-૦	૦-૬-૦
નર્મકવિતા.	૭- ૦-૦	૦-૮
દયારામકૃત કાવ્યસંગ્રહ	૨- ૮-૦	૦-૪-૦
શ્રી અધ્યાત્મ રામાયણ	૨- ૮-૦	૦-૨-૦
મહાકવિ દંડીકૃત દશકુમારચરિત.	૧- ૦-૦	૦-૨-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા (ન્યાસ સાથે)..	૧- ૦-૦	૦-૨-૦
રાજતેજોમયી મહારાણીનું જીવનચરિત્ર	૪- ૦-૦	૦-૪-૦
ગંગા—એક ગુર્જર વાર્તા	૧- ૮-૦	૦-૨-૦
હિન્દ અને બ્રિટાનિયા (ત્રીજી આવૃત્તિ)	૧- ૮-૦	૦-૨-૦
રાસેલાસની કથા	૧- ૦-૦	૦-૧-૦
કામંદકીય નીતિસાર	૦-૧૨-૦	૦-૧-૦
યમસ્મૃતિ	૦- ૨-૦	૦-૦-૬